# રવાન્ડાના 17 હજાર આંત્રપ્રિન્યોર્સને હવે ઈડીઆઈઆઈ આપશે તાલીમ

## ઈડીઆઈઆઈ અને રવાન્ડા કન્ટ્રીના ડેલિગેટ વચ્ચે MOU

સિટી રિપોર્ટર | અમદાવાદ

ભારતમાં આંત્રપ્રિન્યોરશિપ કલ્ચર ડેવલપ કરવા માટે ભારત સરકાર દ્વારા આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ઈન્ડિયાની મદદ લેવાઈ રહી છે. જે અંતગર્ત ઈસ્ટ આફ્રીકાના દેશ રવાન્ડાના ડેલિગેટે ઈડીઆઈઆઈ કેમ્પસની મુલાકાત લઈને આંત્રપ્રિન્યોરશિપ કલ્ચર ડેવલપ કરવામાં ઈડીઆઈઆઈની ભૂમિકા અને ફ્યુચર પ્લાન જાણ્યા બાદ ઈડીઆઈઆઈ સાથે 5 વર્ષના કરાર પર હસ્તાક્ષર કર્યા હતા. આ કરાર અંતગર્ત ઈડીઆઈઆઈ રવાન્ડા દેશમાં 'આંત્રપ્રિન્યોરશિપ ડેવલપમેન્ટ સેન્ટર'નું ઓપનિંગ કરશે.



રવાન્ડા સરકાર સાથે થયેલા કરાર અંતગર્ત પાંચ વર્ષ માટે ઈડીઆઈઆઈ ફેકલ્ટી રવાન્ડાના આંત્રપ્રિન્યોરશિપ માટેનો માસ્ટર પ્લાન બનાવશે. આ પ્લાન અંતગર્ત રવાન્ડાના 17 હજાર આંત્રપ્રિન્યોરર્સને સ્ટાર્ટઅપ અને નવા નાના પાયાના ઉદ્યોગોને વિકાસ સાધવામાં ઈડીઆઈઆઈ એક્સપર્ટની મદદ મળશે. જેના માટે ઈડીઆઈઆઈની ફેકલ્ટી રવાન્ડા ખાતે જઈને તાલિમ આપશે. રવાન્ડા દેશના ડેલિગેશન સાથે થયેલા કરાર અંગે જણાવતા ઈડીઆઈઆઈ ડિરેક્ટર સુનિલ શુક્લાએ કહ્યું કે, 'રવાન્ડામાં નાના પાયે ચાલતા ઉદ્યોગો પર અમારુ મેઈન ફોક્સ રહશે. આ ઉદ્યોગોને અનુરૂપ ઈકો સિસ્ટમ બનાવવા અને ઉદ્યોગો માટેનું ઈનવેસ્ટમેન્ટ લાવવા પર અમે ફોક્સ કરીશું. આ સાથે 17 હજાર ઉદ્યોગ સાહસિકોને તાલીમ આપવાનો અમે પ્લાન બનાવ્યો છે.'

### ઈડીઆઈઆઈ રવાન્ડા દેશમાં શું કરશે?

ઈડીઆઈઆઈ દ્વારા ન્યુ એન્ટરપ્રાઈઝ ક્રિએશન પ્રોગ્રામ, ગ્રોથ પ્રોગ્રામ, ફેમેલી બિઝનેસ મેનેજમેન્ટ પ્રોગ્રામ, પ્રોગ્રામ ફોર સ્ટાર્ટઅપ, બેન્કર એન્ડ સ્ટોક હોલ્ડર ઈકોસિસ્ટમ, બિઝનેસ પ્લાન, ફંડીગ પ્રોગ્રામ કરાશે.